# ભારતીય જનતા મહિલા મોરચો, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૦/૧૦/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **આગામી ૧૪ ઓક્ટોબરે મહિલા ટાઉનહોલ કાર્યક્રમનું આયોજન**
- **કેન્દ્રિય વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ મહિલાઓ સાથે કરશે સંવાદ**
- **રાજ્યમાં એક લાખ મહિલાઓ સાથે માનનીય શ્રીમતી સુષ્મા સ્વરાજ જોડાશે**
- **આગામી ૧૪ મી ઓક્ટોબર, શનિવારના રોજ બપોરે ૨:૦૦ કલાક થી શરૂ થશે. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ટીવી અને ફેસબુક લાઈવ દ્વારા કરવામાં આવશે**
- **મોબાઈલ – વોટ્સઅપ – ફેસબુક – ટ્વીટર – વેબસાઈટના માધ્યમથી અરસ – પરસ સંવાદ અને સંપર્ક કરવામાં આવશે**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી ગીતાબેન રામાણી તથા મહામંત્રીઓ શ્રીમતી માયાબેન બારડ અને શ્રીમતી ઉર્વશીબેન પટેલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સ્ત્રી સશક્તિકરણનું કામ મહત્વનું છે. ગુજરાતમાં ડેરી, ઉદ્યોગ, સહકારીક્ષેત્રે મહિલાઓનું મોટું પ્રદાન છે. ગુજરાતમાં જેન્ડર બજેટ દ્વારા મહિલાઓના વિકાસ માટે મોટી રકમની ફાળવણી એ મહત્વનું કદમ છે. આઈ.ટી. ક્ષેત્રે મહિલાઓનું યોગદાન મહત્વનું રહ્યું છે.

'બેટી બચાવો બેટી પઢાઓ' તથા 'સુકન્યા સમૃદ્ધિ યોજના' સહિત મહિલાઓના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આી.ટી. ક્ષેત્રમાં એક કરોડ ત્રીસ લાખ લોકો આ ક્ષેત્રે કામ કરે છે. જે પૈકી બે લાખ એંસી હજાર મહિલાઓ કામ કરે છે અને પંચાયતોમાં ૫૦ ટકા મહિલા અનામત બેઠકોનો ગુજરાત સરકારે અમલ કર્યો છે.

ચૂંટણીના સમયમાં ''યુવા ટાઉનહોલ'' અને યુવા મહિલા ટાઉનહોલનો નવો વિચાર ગુજરાતમાં લાવ્યા છે જે સમાજના વિવિધ વર્ગો સાથે સંવાદ કરવાનો પ્રયાસ છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે યુવા ટાઉનહોલ કાર્યક્રમ દ્વારા ગુજરાતના ૧ લાખ ૮૦ હજાર યુવાનો સાથે સંવાદ કર્યો હતો. તેવી જ રીતે ગુજરાતની મહિલાઓ સાથે વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ સંવાદ કરશે. રાજકીય શબ્દાવલીમાં નવો શબ્દ ''અડિખમ ગુજરાત અને મહિલા ટાઉનહોલ દ્વારા એક લાખ બહેનો સાથે સંવાદ કરવામાં આવશે.

આગામી તા. ૧૪ ઓક્ટોબરે બપોરે ૨:૦૦ કલાકે અમદાવાદના યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ મહિલાઓ સાથે સંવાદ કરશે.

'અડીખમ ગુજરાત'ની યાત્રામાં રાજ્યની મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. તેટલું જ નહી ગુજરાતના વિકાસમાં મહિલાઓનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે અને હંમેશા પ્રેરણાદાયી રહ્યું છે.

ભાજપ મહિલાઓની સુરક્ષા, સન્માન અને વિકાસ માટે અવિરત પ્રયાસરત છે. મહિલાઓના વિકાસ માટે ભાજપે ઉજ્વલા યોજનાના માધ્યમથી રાજ્યની સાત લાખ થી વધુ ગરીબ માતાઓ અને બહેનોને એલ.પી.જી.નું કનેકશન આપ્યું. વિદ્યા લક્ષ્મી બોન્ડ જેવી યોજનાઓથી કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. મહિલા સશક્તિકરણ હેતુ નારી અદાલત બનાવાઈ છે. મહિલાઓની સુરક્ષા માટે વુમન હેલ્પલાઈન નંબર ૧૮૧ શરૂ કરાયો. મહિલા ભાગીદારી અને અનેકવિધ સંપૂર્ણ તથા સર્વાંગી વિકાસને માટે આ નિશ્ચયન આગળ લઈને અમે "અડિખમ ગુજરાત મહિલા ટાઉન હોલ" યોજી રહ્યા છીએ. જેમાં રાજ્યભરની મહિલાઓ જોડાઈને ગુજરાતના ભવિષ્યને લગતા તેમના પ્રશ્નો પૂછશે તેમજ ગુજરાતની આવતીકાલને વધુ ઉજ્જવળ બનાવવા તેમના મંતવ્યો પણ આપશે.

ગુજરાતની અડીખમ પ્રવૃત્તિઓ જ છે જે દેશનું નેતૃત્વ કરવામાં સક્ષમ છે. ભાજપનું 'અડીખમ ગુજરાત અભિયાન' એ રાજ્યની સવા છ કરોડ લોકોની આ કટિબદ્ધ પ્રવૃત્તિઓને પ્રણામ છે.

આજની આ પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગુજરાત પ્રદેશ મહિલા મોરચા મહામંત્રી શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી ગીતાબેન રામાણી, મહિલા મોરચા મહામંત્રીઓ શ્રીમતી માયાબેન બારડ અને શ્રીમતી ઉર્વશીબેન પટેલ, મહિલા મોરચાના હોદ્દેદારશ્રીઓ સહિત મહિલા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.